પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૧૨-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### આજે બીજા તબક્કાનું મતદાન!

## ૮૩૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો, ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર થશે મતદાન

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો પર આજે બીજા તબક્કાનું મતદાન યોજાશે. જેને લઈ ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોમાં ઈવીએમ મશીનોની ફાળવણી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં મતદાન માટે જરૂરી સાધન સામગ્રી વિતરણ કરવામાં આવ્યું હતુ.૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે. જેમાં ૭૬૪ પૂરૂષ અને ૬૯ મહિલા ઉમેદવારો સમાવેશ થાય છે. ૨૬ હજાર ૪૦૯ મતદાન મથકો પર મતદાન થશે. જેમાં ૮ હજાર ૫૩૩ શહેરી મતદાન મથકો અને ૧૭ હજાર ૮૭૬ ગ્રામ્ય વિસ્તારમા મતદાન મથકો છે. બીજા તબક્કામા ૩૬ હજાર ૪૩૯ બેલેટ યુનિટનો ઉપયોગ થશે અને ૩૬ હજાર ૪૩૯ કંટ્રોલ યુનિટનો ઉપયોગ થવાનો છે.મતદાન દરમિયાન કુલ ૧ લાખ ૧૩ હજાર કર્મચારીઓ ખડેપગે રહેશે. સાથે સાથે ૪૦ હજાર ૬૬ જેટલા વીવીપીએટીનો પણ ઉપયોગ કરવામાં આવશે. એટલું જ નહીં ૧૩ હજાર ૩૧૯ મતદાન મથકો પર વેબ કાસ્ટીંગ કરાશે. તો મતદાન સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવાઈ છે.



બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે મતદાન યોજાશે જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકો પર મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠકો, પાટણ જિલ્લાની ૪ બેઠકો, મહેસાણા જિલ્લાની ૭ બેઠકો, સાબરકાંઠા જિલ્લાની ૪ બેઠકો, અરવલ્લી જિલ્લાની ૩ બેઠકો, ગાંધીનગરની ૫ બેઠકો, અમદાવાદની ૨૧ બેઠકો, આણંદની ૭ બેઠક, ખેડાની ૬ બેઠકો, મહીસાગરની ૩ બેઠકો, અરવલ્લીની ૩ બેઠકો, પંચમહાલ જિલ્લાની ૫ બેઠકો, દાહોદ જિલ્લાની ૬ બેઠકો, વડોદરા જિલ્લાની ૧૦ બેઠકો, છોટાઉદેપુર જિલ્લાની ૩ બેઠકો પર મતદાન થશે. ત્યારે ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકોનો સમાવેશ થાય છે. ૫ ડિસેમ્બરે જે ૧૪ જિલ્લાની ૯૩ બેઠક માટે મતદાન થનાર છે તેવા જીલ્લા જોઈએ તો બનાસકાંઠા જિલ્લો : બેઠકોના નામ : વાવ, થરાદ, ધાનેરા, દાંતા, વડગામ,પાલનપુર, ડીસા, દિયોદર, કાંકરેજ, પાટણ જિલ્લો : બેઠકોના નામ : રાધનપુર, ચાણસ્મા, પાટણ, સિદ્ધપુર, મહેસાણા જિલ્લો : બેઠકો : ખેરાલુ, ઉંઝા, વિસનગર, બેચરાજી, કડી, મહેસાણા, વિજાપુર, સાબરકાંઠા જિલ્લો:બેઠકોના નામ : હિંમતનગર ,ઈડર, ખેડબ્રહ્મા , પ્રાંતિજ, અરવલ્લી જિલ્લો : બેઠકોના નામ ભિલોડા,મોડાસા,બાયડ, ગાંધીનગર જિલ્લો: બેઠકો: દહેગામ, ગાંધીનગર દક્ષિણ, ગાંધીનગર ઉત્તર, માણસા, કલોલ, અમદાવાદ જિલ્લા: બેઠકો: વિરમગામ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રિજ, નારાણપુરા, નિકોલ, નરોડા,ઠક્કરબાપા નગર, બાપુનગર,અમરાઈવાડી, દરિયાપુર,જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા, સાબરમતી,અસારવા, દસક્રોઈ, ધોળકા, ધંધુકા,આણંદ જિલ્લો : બેઠકો : ખંભાત, બોરસદ, આંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા,ખેડા જિલ્લો : બેઠકોના નામ : માતર, નડિયાદ, મહેમદાબાદ, મહુધા, ઠાસરા, કપડવંજ, મહીસાગર જિલ્લો : બેઠકોના નામ : બાલાસિનોર, લુણાવાડા, સંતરામપુર, પંચમહાલ જિલ્લો : બેઠકોના નામ : શહેરા, મોરવાહડફ, ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ જિલ્લો : બેઠકો : ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, દેવગઢ બારિયા,વડોદરા જિલ્લો : બેઠકોના નામ : સાવલી, વાઘોડિયા, ડભોઈ, વડોદરા શહેર , સયાજીગંજ, અકોટા, રાવપુરા, માંજલપુર, પાદરા, કરઝણ આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાની બેઠકોના નામઃ છોટાઉદેપુર, જેતપુરનો સમાવેશા થાય છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આ ૯૩માંથી ભાજપે ૫૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ૩૯ બેઠકો જીતી હતી. બીજા તબક્કામાં કુલ ૮૩૩ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે.

બીજા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહારથીઓ મેદાને છે. ભાજપના ૨૦ નેતા એવા છે, જેમના પર જીતનો આધાર છે. તો કોંગ્રેસના ૧૨ દિગ્ગજ નેતાઓ મેદાનમાં છે. તો એનસીપીની વાત કરીએ તો દિગ્ગજ નેતા જયંત બોસ્કી ઉમરેઠથી ભાજપને હંફાવી શકે છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાજપ કોંગ્રેસના ઘણા દિગ્ગજો ચૂંટણી લડી રહ્યા છે. ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે મેદાને છે. આ સિવાય ભાજપના અન્ય મહારથીઓની વાત કરીએ તો શંકર ચૌધરી થરાદથી, અશ્વિન કોટવાલ ખેડબ્રહ્માથી, અલ્પેશ ઠાકોર ગાંધીનગર દક્ષિણથી, હાર્દિક પટેલ વીરમગામથી, જગદીશ વિશ્વકર્મા નિકોલથી, ભૂષણ ભટ્ટ જમાલપુર-ખાડિયાથી ચૂંટણીના જંગમાં છે.

## 'શહીદોને ન્યાય નહીં ત્યાં સુધી હાર્દિકને વોટ નહીં'ના પોસ્ટરો લાગ્યા

અમદાવાદ,

રાજ્યની વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આવતીકાલે યોજાવાનું છે. બીજા તબક્કાના મતદાનને ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. ત્યારે મતદાનની છેલ્લી ઘડીએ વિરમગામમાં હાર્દિક પટેલ સામે ઉગ્ર વિરોધ થતાં રાજકારણ ગરમાયું છે. પાટીદાર આંદોલનનો મુદ્દો ફરી ઉછળતાં વિરમગામમાં છેલ્લી ઘડીએ થયું એવું કે હાર્દિક પટેલનું વધ્યું ટેન્શન વધી ગયુ છે.

આવતીકાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાનમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની ૯૩ બેઠક પર ચૂંટણી યોજાવાની છે. હવે મતદાનને ગણતરીની કલાકો જ બાકી છે ત્યારે હાર્દિક પટેલની વિરુદ્ધમાં વિરમગામમાં ઠેર-ઠેર પોસ્ટરો લગાતા ફરી રાજકારણ ગરમાયુ છે. ભાજપે વિરમગામ વિધાનસભાની બેઠક પરથી હાર્દિક પટેલ ઉમેદવાર જાહેર કર્યો છે ત્યારે આ બેઠક પર મોટા પાયે વિરોધ જોવા મળ્યો છે. બીજા તબક્કાના મતદાન પહેલા વિરમગામમાં ફરી પાટીદાર અનામત આંદોલનનો મુદ્દો ઉછળતા રાજકારણ ગરમાયું છે.




બીજા તબક્કાના મતદાનને ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે વિરમગામમાં હાર્દિક પટેલની વિરુદ્ધમાં ઠેર-ઠેર પોસ્ટરો લગેલા જોવા મળ્યાં. મતદાનની આખરી ઘડીએ પાટીદાર અનામત આંદોલન સમિતિના નામે ઠેર-ઠેર પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટરોમા લખ્યુ છે 'જે લોહીનો ન થાય તે કોઈનો ન થાય', 'જે હાર્દિક સમાજનો ન થયો એ શું વિરમગામનો થશે ખરો? 'શહીદોને ન્યાય નહીં ત્યાં સુધી હાર્દિકને વોટ નહીં', 'ટિકિટ માટે સમાજનો સોદો કરનારને વોટ નહીં', જેવા લખાણવાળા પોસ્ટરો વિરમગામમાં લગાવવામાં આવ્યા છે. મતદાનના એક દિવસ પહેલા વિરમગામમાં આવા પોસ્ટરો લગાવવામાં આવતા રાજકારણ ગરમાયું છે.

આવતીકાલે રાજ્યની વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન છે ત્યારે વિરમગામ વિધાનસભાની બેઠક પર ભાજપે પાટીદાર અનામત આંદોનના નેતા હાર્દિક પટેલને ટિકિટ આપી છે, જ્યારે કોંગ્રેસે લાખાભાઈ ભરવાડને રિપીટ કર્યા છે. અને આમ આદમી પાર્ટીએ અમરીશ ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. હાર્દિક પટેલનું નામ જાહેર થયા બાદ તે મતદારોને આકર્ષવા માટે તનતોડ મહેનત કરી રહ્યો છે. તેણે તેમના મત વિસ્તારમાં ઠેર-ઠેર સભાઓ ગજવી હતી. આ સાથે હાર્દિક પટેલના ચૂંટણી પ્રચાર કરવા માટે ભાજપના દિગ્ગજો મેદાનમાં ઉતર્યા હતા. . કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા હાર્દિક પટેલને વિરમગામ વિધાનસભાના લોકો સ્વીકારે છે કે નહીં તે તો આવતી ૮ તારીખે જાણવા મળશે.

## કોંગ્રેસ શિયાળુ સત્રમાં મોંઘવારી, બેરોજગારી, ચીન સહિતના મુદ્દાઓ પર સંસદ ગજવશે

નવીદિલ્હી,

સંસદના શિયાળુ સત્ર પહેલા વિપક્ષ કોંગ્રેસે તૈયારી કરી લીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ ??પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીના નેતૃત્વમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં કોંગ્રેસે મોંઘવારી, બેરોજગારી, ચીન સાથેનો સીમા વિવાદ, સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર વચ્ચે તાજેતરનો વિવાદ અને દિલ્લી સ્થિત એઈમ્સ પર સાયબર એટેક જેવા મુદ્દાઓ પર સવાલ ઉઠાવીને સરકારને ઘેરવાની યોજના બનાવી છે. છેલ્લા કેટલાય સત્રોમાં વિપક્ષે હોબાળો મચાવીને સંસદની કાર્યવાહી અટકાવી દીધી હતી. કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે જ્યાં સુધી જરૂરી નહીં બને ત્યાં સુધી સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરવામાં નહી આવે.

સંસદનું શિયાળુ સત્ર આગામી ૭ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે, જે ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. આ સત્ર દરમિયાન એવું કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી ભાગ નહીં લે અને પાર્ટીની ભારત જોડો પદયાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરશે. રાહુલ સિવાય પાર્ટીના અન્ય વરિષ્ઠ સાંસદો શિયાળુ સત્રમાં હાજર રહેશે. મીડિયા રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, સોનિયા ગાંધીના નેતૃત્વમાં વ્યૂહાત્મક જૂથની બેઠકમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજર હતા. આ દરમિયાન કયા કયા મુદ્દે સરકાર પર પસ્તાળ પાડવી તે મુદ્દાઓની યાદી તૈયાર કરવામાં આવી છે.

એમએસપી માટે ખેડૂતોની માંગનો મુદ્દો પણ યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. અન્ય મુદ્દાઓ સાથે, ખેડૂતોએ ખાસ કરીને MSPની માંગ માટે દિલ્હીની હદ ઉપર એક વર્ષ સુધી આંદોલન કર્યું હતુ. આ પછી સરકારને ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવાની ફરજ પડી હતી. અહેવાલ મુજબ, સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત કેવી રીતે હાંસલ કરી શકાય તે અંગેના સૂક્ષ્મ વલણને પણ અંતિમ સ્વરૂપ આપી રહી છે, જેને તાજેતરમાં સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે તાત્કાલિક ગાળામાં, પાર્ટી દિલ્લીમાં દેશની મુખ્ય તબીબી સંસ્થા, AIIMS પર તાજેતરના સાયબર-આતંકવાદી હુમલા અંગે સરકારને સવાલ કરશે. અહેવાલ મુજબ, એક સૂત્રએ જણાવ્યું હતું કે "જ્યાં સુધી જરૂરી ન હોય ત્યાં સુધી અમે સંસદની કાર્યવાહી અટકાવીશું નહીં." સંસદનું શિયાળુ સત્ર હાલના સંસદ ભવનમાં જ યોજાશે. જો કે કોંગ્રેસ માટે એક પ્રશ્ન રહે છે કે રાજ્યસભામાં વિપક્ષની કમાન કોને સોંપવી. અગાઉ મલ્લિકાર્જુન ખડગે વિપક્ષના નેતા હતા પરંતુ તેમણે કોંગ્રેસ અધ્યક્ષપદની ચૂંટણી પહેલા જ રાજીનામું આપી દીધું હતું. જો કે ખાસ વાત એ છે કે તેમનું રાજીનામું હજુ સુધી સ્પીકરને મોકલવામાં આવ્યું નથી.

## આખરે ઠગ વિનય શાહની ધરપકડ, ૨૬૦ કરોડથી વધુનું ફુલેકુ ફેરવીને કૌભાંડી નેપાળ ભાગી ગયો હતો

અમદાવાદ,

અમદાવાદના થલતેજ વિસ્તારમાં ઓફિસ ખોલીને લોભામણી નાણાંકીય સ્કીમો બહાર પાડીને ૨૬૦ કરોડ રૂપિયાનું ફુલેકુ ફેરવનાર કૌભાંડી વિનય શાહને દિલ્લીથી ઝડપી પાડવામાં આવ્યો છે. શહેરના થલતેજ વિસ્તારમાં આર્ચર કેર નામની ઓફિસ ખોલીને લોકોને ઊંચા વળતરની લાલચ આપી રોકાણકારોને ગેરકાયદેસર નાણાંકીય સ્કીમમાં રોકાણ કરાવી અંદાજે ૨૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ સંદર્ભે કૌભાંડના માસ્ટરમાઈન્ડ એવા વિનય બાબુલાલ શાહ વિરુદ્ધ અમદાવાદ શહેરમાં વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. જે બાદ કૌભાંડી વિનય શાહ વિદેશ ભાગી ગયો હતો.

આ સંદર્ભે ડીજીપી આશિષ ભાટિયા દ્વારા સીઆઈડી ક્રાઈમને આરોપીને પકડવા માટે રેડકોર્નર નોટિસ ઈસ્યૂ કરવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલને બાતમી મળી હતી કે વિનય શાહ નેપાળથી દિલ્હી આવવાનો છે. જેના આધારે સીઆઈડીની ટીમે આરોપી વિનય શાહ દિલ્હી આવતા તેને રાઉન્ડ અપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નૌકાદળ આવતા વર્ષથી મહિલાઓ માટે તમામ શાખાઓ ખોલશે

નવીદિલ્હી,

ભારતીય નૌકાદળ આવતા વર્ષથી મહિલાઓ માટે તેની તમામ શાખાઓ ખોલવાનું આયોજન કરી રહી છે.નૌકાદળ દિવસ પ્રસંગે એક પત્રકાર પરિષદને સંબોધતી વખતે નૌકાદળના વડા એડમિરલ આર. હરિ કુમારે શનિવારે આ માહિતી આપી હતી. એમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રથમ વખત નૌકાદળ મહિલા ખલાસીઓને પણ સામેલ કરી રહી છે. અમારા માટે આ એક સીમાચિહ્નરૂપ ઘટના છે કારણ કે અમે છેલ્લા ૧૬-૧૭ વર્ષથી મહિલા અધિકારીઓને સામેલ કરીએ છીએ, પરંતુ હવે અમે મહિલાઓને ખલાસી તરીકે સામેલ કરી રહ્યા છીએ.તેમણે કહ્યું કે આવતા વર્ષથી તમામ શાખાઓ મહિલા અધિકારીઓ માટે પણ ખોલવામાં આવશે. હાલ ફકત ૭-૮ શાખા માટે જ એમને પ્રવેશ અપાય છે.લગભગ ૩૦૦૦ 'અગ્નિવીર'ની પ્રથમ બેચને નૌકાદળમાં સામેલ કરવામાં આવી છે અને તેમાં ૩૪૧ મહિલાઓ સામેલ છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં, એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય સહિત લગભગ પંદર યુદ્ધ જહાજો પર ૨૮ મહિલા અધિકારીને તૈનાત કરવામાં આવી હતી અને આ સંખ્યા વધવાની તૈયારીમાં છે.

## હાઈ કોર્ટે શિંદે-ફડણવીસ સરકારને મારી લપડાક



મુંબઈ,

રાજ્યમાં એમવી સરકાર પડ્યા બાદ શિંદે-ફડણવીસ સરકારની સ્થાપના થઈ અને ત્યાર બાદ રાજ્યમાં અનેક મોટી ઊથલપાથલો થઈ. શિંદે-ફડણવીસ સરકારે એમવીએ સરકારના સમયમાં મંજૂર કરવામાં આવેલાં અનેક કામોને રદ કર્યાં હતાં. જોકે હવે શિંદે-ફડણવીસ સરકારને આ નિર્ણય અંગે હાઈ કોર્ટે લપડાક મારી છે. હાઈ કોર્ટે એમવીએ સરકારના સમયમાં કામોની ટેન્ડરપ્રક્રિયા પૂરી કરી અને વર્ક ઓર્ડર થયેલાં કામોને રદ કરનારા શિંદે-ફડણવીસ સરકારના નિર્ણયને હાઈ કોર્ટે રદ કર્યો છે. આને કારણે રાજ્ય સરકારને ફટકો પડ્યો છે. શિંદે-ફડણવીસ સરકારના નિર્ણયને હાઈ કોર્ટે રદ કરતાં રાજ્યમાં મંજૂર થયેલાં કરોડોનાં કામો રખડવાનાં હતાં. સરકારના આ નિર્ણયના વિરોધમાં અમુક ગ્રામ પંચાયતોએ હાઈ કોર્ટમાં દાદ માગી હતી. શિંદે સરકારે એમવીએના સમયમાં મંજૂર થયેલાં કામોની ટેન્ડરપ્રક્રિયા પૂરી કરીને વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવેલાં કામોને રદ કરવામાં આવ્યાં હતાં. રાજ્યમાં સત્તાંતરણ બાદ ગ્રામવિકાસ વિભાગે ૧૯મી જુલાઈ અને પચ્ચીસમી જુલાઈના રોજ એમવીએના સમયમાં ટેન્ડરોને રદ કર્યાં હતાં અને હવે શિંદે-ફડણવીસ સરકારના નિર્ણયને હાઈ કોર્ટે રદ કર્યો.

## બુંદેલખંડ એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત, ૪ના મોત

હમીરપુર,

યુપીના હમીરપુર જિલ્લામાંથી નીકળેલા બુંદેલખંડ એક્સપ્રેસ વે પર તેજ ગતિએ બે કાર સામ-સામે અથડાતા એક મહિલા સહિત ચાર યુવકોના મોત થઈ ગયા છે જ્યારે એક મહિલા સહિત બે લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે સીએચસીમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માત રાઠ કોતવાલી વિસ્તારના જાખેડી ગામ પાસે બુંદેલખંડ એક્સપ્રેસ વેનો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે હમીરપુર જિલ્લાના રાઠ કોતવાલી વિસ્તારના જખેડી ગામ નજીકથી નીકળેલા બુંદેલખંડ એક્સપ્રેસ વે પર આશિષ સિંહ અંજુ, સત્ય અને દીપક શર્મા માં પિતામ્બરાના દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે કોતવાલી વિસ્તારના જખેડી ગામ પાસે બુંદેલખંડ એક્સપ્રેસ વે પર સામેથી આવી રહેલી તેજ રફઅતાર કાર સાથે તેમની કારની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતમાં ફતેહપુરના રહેવાસી આશિષ કુમાર અને સત્ય સિંહનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બીજી તરફ એક જ કારમાં સવાર અંજુ સિંહ અને દીપક મિશ્રા ગંભીર રીતે ઘાયલ થયા હતા અને કારમાં સવાર રવિન્દ્ર શર્મા અને અજાણ્યા યુવકનું પણ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. માહિતી મળતાની સાથે જ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા રાહત બચાવ કાર્ય શરૂ કર્યું હતું. અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાવી દીધા અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

પોલીસે જણાવ્યું કે, પોલીસ સ્ટેશન રાઠ વિસ્તાર હેઠળના ગામ જાખેડી બુંદેલખંડ એક્સપ્રેસવે પર શનિવારે એક કાર અને સ્કોર્પિયોની ટક્કર થઈ હતી જેમાં ૪ લોકોના મોત થયા હતા અને બે લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## બ્રાહ્મણ ભારત છોડો બાદ હવે જેએનયુ કેમ્પસમાં સામ્યવાદીઓ ભારત છોડો ના સ્લોગનથી નવો વિવાદ સર્જાયો

નવીદિલ્હી,

જેએનયુના કેમ્પસમાં બુધવારના રોજ બ્રાહ્મણ ભારત છોડોના નારા દિવાલો પર લખવામાં આવતા વિવાદ સર્જાયો હતો. જે બાદ હવે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી કેમ્પસની દિવાલો પર હિન્દુ રક્ષા દળ તરફ 'સામ્યવાદીઓ ભારત છોડો' સૂત્ર લખવામાં આવ્યું છે. જેના કારણે એક નવા વિવાદનું વંટોળ ઉભું થયું છે. જેએનયુ પ્રશાસન આ અંગે કાર્યવાહી કરશે તેવી વાતનું રટણ કરી રહ્યું છે. જેએનયુ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક દિવસોથી નફરતને પ્રોત્સાહન આપતા અને વાંધાજનક સ્લોગન લખવવા આવતા હોવાનું સામે આવી રહ્યા છે. હવે યુનિવર્સિટીના મેઈન ગેટ પર નવું સ્લોગન લખવામાં આવ્યું છે. જેમાં સામ્યવાદીનો વિરોધ હોવાનું જણાવાયું હતું. એવું જાણવા મળ્યું છે કે, આ સૂત્રો હિન્દુ રક્ષા દળના સભ્યો દ્વારા લખવામાં આવ્યા છે.

આ સ્લોગન્સ સ્પ્રે પેઈન્ટથી લખવામાં આવ્યા હતા. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનએ જણાવ્યું હતું કે, જેએનયુમાં આ પ્રકારનું કૃત્ય પહેલીવાર નથી થયું. આ અગાઉ પણ જેએનયુની દિવાલો પર મુસ્લિમ લાઈવ્સ ડોન્ટ મેટર લખવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કેમ્પસનું વાતાવરણ બગાડવા માટે જ આવી હરકતો કરવામાં આવે છે. યુનિવર્સિટીમાં આવી ઘટનાઓ પહેલા પણ બની છે. આના પણ ઘણા ઉદાહરણો પણ આપણી પાસે છે. યુનિવર્સિટી વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, જેએનયુ આવા કૃત્યો સામે પગલાં લેશે. આ અંગે તપાસ પણ શરૂ કરી દેવા આવી છે. હિંદુ રક્ષા દળના સભ્યો જોકે માને છે કે, બ્રાહ્મણ વિરોધી અને હિંદુ વિરોધી સૂત્રો સામ્યવાદીઓએ લખ્યા હતા. આના વિરોધમાં પક્ષના સાથીઓએ તેમના વિરૂદ્ધ લખ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, હિંદુ રક્ષા દળના લોકોએ જેએનયુના મુખ્ય દ્વારની બહાર સામ્યવાદી વિરોધી નારા પણ લગાવ્યા હતા.

## દિલ્લીમા ચિંતાજનક સ્તરેવાયુ પ્રદુષણ, સ્થિતી ખરાબથી ગંભીર સ્થિતીમા જોવા મળી છે

નવીદિલ્હી,

ભારતની રાજધાની દિલ્લીમા ફરી એક વાર પ્રદૂષિત હવાના સ્તરમા વધારો થયો છે. દિલ્લીના ધણા વિસ્તારોમા પ્રદૂષિત હવાના કારણે ચિંત્તાજનક સ્થિતી ઉત્પન થઈ છે. AQI મુજબ દેશની રાજધાનીમા ૪ ડિસેમ્બરના રોજ ઠંડીનુ પ્રમાણ વધતા શહેરમા સવારે ધુમ્મસમા ભર્યુ વાતાવરણ સર્જાયુ છે જેના કારણે પ્રદૂષિત હવાનુ સ્તર ૪૦૦ની પાર થયુ છે. જેના કારણે દિલ્લીમા ગંભીર સ્થિતી બની શકે છે. હવામાન વિભાગ મુજબ દિલ્લીમા પ્રદૂષણની સ્થિતી અતિગંભીર સ્થિતીમા જોવા મળી છે.

હવામાન વિભાગ અને cpcbના રિપોર્ટ મુજબ દિલ્લીમા ૪ ડિસેમ્બરની સવારે હવાનુ પ્રમાણ ૪૦૦ પાર પોંહચ્યુ હતુ. જયારે દિલ્લીનુ સામાન્ય રીતે વાતાવરણનુ પ્રમાણ ૩૭૦ જોવા મળ્યુ હતું. જેનાથી અંત્યત ગંભીર સ્થિતી સર્જાઈ શકે છે. દિલ્લીના જહાંગીરપુરીમા ૪૪૩ , નઝફગઢમા પ્રદૂષિત હવાનુ સ્તર ૩૫૮ , રોહિણીમા ૪૫૧ સુધી હવાનુ સ્થર પોંહચ્યુ હતું. પ્રદૂષિત હવાથી લોકોમા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મિડીયા રિપોર્ટ મુજબ ગઈ કાલે રાત્રે ( શનિવારે) ૧૦વાગ્યે વિહાર સ્ટેશન પર AQI ૪૧૦ જોવા મળ્યો હતો. હવામાન વિભાગ અનુસાર અલગ -અલગ માપ આપવામા આવેલ છે. જેથી હવાનુ પ્રમાણ કેવુ છે તે જાણી શકાય છે.

હવામાન વિભાગ અનુસાર AQI ૦-૫૦ની વચ્ચે હોય તો સારુ, ૫૧-૧૦૦ સુધી હોય તો સંતોષજનક, ૧૦૧ થી ૨૦૦ વચ્ચે હોય તો મધ્યમ ગણવામા આવે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના ઉંબેર ટેકરા પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, હાલ સમગ્ર ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે બાળકો મતદાન અંગે જાણકારી મેળવે તેવા હેતુથી ઉંબેર પ્રાથમિક શાળામાં હાલ સંતરામપુર ડી.એલ.એડના તાલીમાર્થીઓની ચાલી રહેલી ઈન્ટર્નશિપ ચાલી રહી છે. જેમાં આ કાર્યક્રમના મુખ્ય આયોજક આશિષ બારીઆ અને તેમની તાલીમાર્થીઓની સમગ્ર ટિમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

મતદાનએ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. ભારતનો નાગરિક ૧૮ વર્ષનો થાય ત્યારે તેને મતદાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ત્યારે પ્રથમવાર મતદાન કરવા જતાં યુવા મતદારો ઘણીવાર મતદાન કેવી રીતે કરવું તેની સમજણ ના હોવાના લીધે અસમંજસમાં મુકાઈ જતાં હોય છે. જેને પગલે સરકાર દ્વારા મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં પ્રથમવાર મતદાન કરવા જતાં યુવા મતદારોને મતદાન અંગે સમજણ આપવામાં આવી રહી છે. જેમાં મતદાન કેવી રીતે કરવું, મતાધિકારનું મૂલ્ય શું છે અને લોકશાહીમાં મતદાનનું કેટલું મહત્વ છે. તે અંગે સમજણ આપવામાં આવી રહી છે.

સંતરામપુર તાલુકાના ઉંબેર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને ડેમો મતદાન મથક તૈયાર કરી મતદાનની સમગ્ર પ્રક્રિયાની સમજણ આપવામાં આવી હતી.

ડમી મતદાન મથક ઉભુ કરાયું. જેમાં પ્રાથમિક શાળા ખાતે જ તૈયાર કરાયેલા ડમી મતદાન મથકમાં શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી મતદારોને એક પછી એક બોલાવીને સમગ્ર મતદાનની પ્રક્રિયા સમજાવી હતી. આ કાર્યક્રમમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ફૂલ હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેની ખુશીમાં શાળામાં ગરબા તેમજ ટીમલી ડાન્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે શાળાના આચાર્ય લક્ષ્મણભાઈ ડીંડોર જણાવ્યું હતું કે, પ્રથમવાર મતદાન કરવા જતાં યુવા મતદારો કોઈ પણ જાતના ભય વગર મતદાન કરી શકે અને ચૂંટણીઓ પણ ન્યાયિક પ્રક્રિયા દ્વારા યોજાય તો સ્પષ્ટ જનાદેશ વાળી સરકારની રચના થાય. તેને લઈ યોજવામાં આવતા આવા કાર્યક્રમોને પગલે યુવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવી શકે છે. આ શાળાની ચૂંટણીમાં વિજેતા બનેલા ઉમેદવારોને ફૂલહાર પહેરાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સુશોભિત મતદાન મથક મતદારોનો ઉત્સાહ વધારશે : આર્દશ મતદાન મથકના સહારે વધુ મતદાનનો પ્રયાસ




મહીસાગર, મહીસાગર જિલ્લામાં જિલ્લા ચુંટણીતંત્ર દ્વારા શક્ય તેટલુ વધારે મતદાન થાય તેવા તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે વિશ્વાસ જાગે અને મતદારો મતદાન કરવા પ્રેરાય તે હેતુથી જિલ્લામાં આદર્શ મતદાન મથક (મોડેલ પોલિંગ સ્ટેશન)નો અભિગમ અપનાવ્યો છે. જે અંતર્ગત ૧૨૧–બાલાસિનોર વિધાનસભા મતદાર વિભાગમાં હાડીયા, ૧૨૨– લુણાવાડા વિધાનસભામાં પ્રાથમિક શાળા મોટાસોનેલા તેમજ ૧૨૩– સંતરામપુર વિધાનસભા પ્રાથમીક શાળા રાઠડા બેટ ખાતે મોડેલ પોલિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

આદર્શ મતદાન મથકોનું સુશોભન એવી રીતે કરાયું છે કે, ત્યાંથી પસાર થનારને પણ એક વખત જોવાની ઈચ્છા થાય અને જે તે બુથ બહારની જગ્યામાં રોપા, અંદર પ્રવેશ માર્ગે વેલના તોરણો વગેરે જેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય લકડીપોયડા ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, લાલસર કલસ્ટરમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૧૨ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે સરસ્વતી ઉ.બુ. વિદ્યાલય ખાતે મહીસાગર જિલ્લાના માધ્યમિક શાળા સંઘના પ્રમુખ અને આચાર્ય નિલેશભાઈ પટેલના વરદહસ્તે ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં જુદી જુદી દિવ્યાંગતા ધરાવતા ૨૫ બાળકો અને મોટી ઉંમરના દિવ્યાંગ વ્યક્તિઓ હાજર રહ્યા હતા. તમામ જરૂરિયાતમંદ બાળકોને એમ.આર. કીટ, બગલ ઘોડી, હિયરિંગ એડ, મહિને રૂ૧,૦૦૦ મળતી સહાયના ઓર્ડર સી.પી.ચેર, ઓળખ કાર્ડ અને દિવ્યાંગ દીકરીઓને ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું.


આ પ્રસંગે લાલસર કલસ્ટરમાં આઈ.ઈ.ડી.એસ.એસ.માં ફરજ બજાવતા શિક્ષક જે.પી. સોલંકી દ્વારા દિવ્યાંગ બાળકોને ૨૧ પ્રકારની દિવ્યાંગતા, દિવ્યાંગતાને લગતા તમામ કાયદાઓ, ગુ.રાજયના સમાજ સુરક્ષા દ્વારા મળતી સહાયનું માર્ગદર્શન આપ્યું હતું. દિવ્યાંગ લોકો અને બાળકો સાથે પ્રેમ સહાનુભૂતિ રાખવી અને સામાન્ય બાળકોની જેમ જ તેઓનો ઉછેર કરવા માટેની આપણા સમાજની ફરજ છે અને આવા લોકો અને બાળકો પણ સમાજનું અભિન્નઅંગ છે. તેઓએ વિશ્વના અને ભારત દેશ તેમજ ગુજરાતના દિવ્યાંગ વ્યક્તિઓના પ્રેરણાદાઈ ઉદાહરણ આપીને તેમની પ્રતિભાને બિરદાવતા પ્રેરક પ્રસંગો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ કાર્યક્રમનું મહીસાગર જીલ્લા આઈ.ઈ.કો.ઓડીનેટર અને બી.આર.સી. લુણાવાડાનું માર્ગદર્શન અને એક્તા એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ બાયડના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકો શાળાનો સમગ્ર સ્ટાફ દિવ્યાંગ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર ગ્રામ્ય વિસ્તારના રોજીરોટી માટે હિજરત કરેલ શ્રમિકો મતદાન માટે વતન પહોંચ્યા



સંતરામપુર, મતદારોમાં ઉત્સાહ પ્રથમવાર એવું બની રહ્યું છે કે, સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના હિજરત કરી ચૂકેલા શ્રમિકો પોતાના પરિવાર સાથે હોળી અને દિવાળીના તહેવારે જ પોતાના વતનમાં આવતા હોય છે, પરંતુ આ વખતે ૧૨૩ વિધાનસભાની ચૂંટણીના અનુલક્ષી લઈને પોતાનો મતનો અધિકાર માટે મત આપવા માટે પોતાની મરજીથી બહાર ગયેલા શ્રમિકો હિજરત કરી ચૂકેલા સૌરાષ્ટ્ર, કચ્છ, ભુજ, અંજાર, સુરત, બરોડા, અમદાવાદ વગેરે શહેરોમાં રોજીરોટી મેળવવા અને રોજગારી માટે આજે સંપૂર્ણ શ્રમિકો હિજરત કરેલા સવારથી જ ખાનગી વાહનો અને બસોમાં ખીચો ખીચ ભરેલા બસ સ્ટેશન પર ઉતરીને પોતાન વતન તરફ આવી પહોંચેલા હતા. તંત્રની મતદાર જાગૃતિનો અને ઉમેદવારોની ચાહના કારણે મતદારો ૫૦૦ થી ૧૦૦૦ કિલોમીટર બસમાં મુસાફરી કરીને આજે મતદાન કરવા માટે પોતાના વતનમાં આવી પહોંચ્યા હતા. આ રીતે કહી શકાય છે કે, હવે ધીરે ધીરે મતદાન કરવું મતદાન કરવા માટેની જનજાગૃતિ દેખાઈ આવી ચૂકી છે.

# સંતરામપુર નગરમાં ઐતિહાસીક વારસો ધરાવતી ધરોહરો જાળવણીના અભાવે જર્જરીત



સંતરામપુર, સંતરામપુર નગરમાં ઐતિહાસિક વારસો વારસો જર્જરી હાલતમાં નગરમાં રાજવી પરિવાર અને રજવાડા વખતનો બનાવવામાં આવેલો અને નગર પાલિકા દેખરેખ અને જાળવણીના અભાવે આજે ખંડેર અવસ્થામાં જોવાઈ રહેલો છે. સંતરામપુરનો ઐતિહાસિક ટાવર ગુજરાતના ગાંધીનગર સુધી અને સરકારી કચેરીમાં ઐતિહાસિક ટાવર નામથી તેની ફોટો કોપી બનાવીને સરકારી કચેરીમાં અને મહીસાગર જિલ્લામાં પણ મૂકવામાં આવે છે, પરંતુ પરિસ્થિતિ એવી જોવાયેલી છે કે સંતરામપુરનો નાક ગણાતો ઐતિહાસિક ટાવર તંત્ર દ્વારા રાષ્ટ્રપર્વે અને દિવાળી નિમિત્તે ફક્ત ડેકોરેશન કરવામાં આવે છે અને રાજકીય અને સરકારી યોજનાના તેનો બોર્ડ લગાવીને ઉપયોગ કરે છે, પરંતુ પરિસ્થિતિ એવી જોગવાઈ રહેલી છે કે હાલમાં પણ ટાવરના એક ભાગે પીપળાનું વૃક્ષ ઊગી નીકળતા ફાટી જવાની અને ગમે ત્યારે પણ પડે તેવી શક્યતા જોવાયેલી છે. આજદિન સુધી નગર પાલિકા અને અધિકારી દ્વારા કોઈપણ પ્રકારનું ધ્યાન આપવામાં આવેલું નથી. વર્ષોથી રજવાડા વખતનું પાલિકાનું જૂનું ઓફિસ આપવામાં આવેલું હતું. પરંતુ હાલમાં તેની પરિસ્થિતિ ખંડેર અવસ્થામાં જોવાઈ રહેલી છે. નગર પાલિકાનું બિલ્ડીંગ જૂનું ચારે બાજુ વાહનો મુકેલા અને ખંડેર અવસ્થામાં જોવાયેલું છે. હાલમાં પણ તેનો ઉપયોગ કરી શકાતો નથી. એવી પરિસ્થિતિ જોવાયેલી છે. આવી ઐતિહાસિક મિલકત જાળવવામાં પણ સરકારી તંત્ર નિષ્ફળ ગયેલી છે.

# સંતરામપુર વિધાનસભાની ચુંટણી અનુલક્ષી તંત્રએ ૧૪૪૫ કર્મચારીઓને મતદાન મથકોએ પહોંચાડયા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર ૧૨૩ વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી લઈ સંતરામપુરની એસ.પી.હાઈસ્કૂલ મેદાનમાં તંત્ર દ્વારા કડાણા અને સંતરામપુર તાલુકાના ૨૮૯ બુથ ઉપર ૧૪૪૫ કર્મચારીઓ દ્વારા આજરોજ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે પ્રેસાઈડિંગ બુથ કોલિંગ વગેરે આજરોજ ઈવીએમ અને બુથ પોલિંગ પર જવા માટે સાધન સામગ્રી સાથે ચૂંટણી અધિકારી દ્વારા સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવીને અને કોઈ પણ કર્મચારીને અગવડ ન પડે તે માટે વ્યવસ્થા પણ કરવામાં આવેલી હતી અને બુથવાઈ વાહનોની વ્યવસ્થા કરી આજે પાંચમી તારીખના રોજ મતદાનના દિવસે તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ કરીને બુધ ઉપર જવા માટેની રવાનગી કરવામાં આવેલી હતી. બુથ પ્રમાણે અને સખી બૂથ વિવિધ પ્રકારના કાઉન્ટિંગ ઊભો કરીને વ્યવસ્થા ગોઠવવામાં આવેલી હતી. તમામની તૈયારીઓ માટે આજે વ્યવસ્થા સાથે અને પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ૨૮૯ બોધ ઉપર મતદાન મથકો પર પહોંચાડવામાં આવેલું હતું. આવતીકાલે મતદાનના દિવસે ૧૨૩ વિધાનસભાની ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

# દે.બારીઆના સીંગોર ગામે રીંછના હુમલામાં મૃત્યુ પામેલ મહિલાના પરિવારને પાંચ લાખની સહાય અપાઈ

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના સીંગોર ગામની આધેડ મહિલા ઉપર રીંછના હુમલામાં મોત નીપજતા સરકાર તરફથી તાત્કાલિક રૂ.પાંચ લાખની સહાય આપવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના સીંગોર ગામના ખેડા ફળિયાના રહેવાસી રયલીબેન રયજીભાઈ બારીયા પર વન્યપ્રાણી રીંછે હુમલો કરતા ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજતા જે અન્વયે મૃતકના પતિ રયજી બારીયાને સરકારના નિયમ મુજબ માનવ મૃત્યુમાં વળતર પેટે રૂ.૫ લાખ ૪૮ કલાક કરતા પણ ઓછી સમય મર્યાદામાં બારીયા વનવિભાગ દ્વારા તેઓના ખાતામાં સીધા આર.ટી.જી.એસ.ના માધ્યમથી જમાં કરાવી તે અંગેનો હુકમ આર.એમ.પરમાર આઈ.એફ.એસ., નાયબ વન સંરક્ષક બારીયાના હસ્તે પ્રશાંત તોમર આઈ.એફ.એસ, અભિષેક સમરીયા આઈ.એફ.એસ., તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો. વધુમાં નાયબ વન સંરક્ષક દ્વારા વન્યપ્રાણી રીંછના હુમલા અટકાવવા બાબતે મિટીંગ કરી જનજાગૃતિ કરવામાં આવી હતી. અને મૃતકના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યકત કરવામાં આવી હતી. ઉપરાંત રીંછના હુમલામાં કઈ રીતે બચી શકાય તે માટે રહિશોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

# આપની આજ.......

મેષ : તમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઈ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં.

વૃષભ : કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે.

મિથુન : તમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ ઉત્તમ રહેશે. કામનો ભાર હોવા છતાંય તમે પરિવાર અને સંબંધીઓ માટે સમય કાઢી લેશો.

કર્ક : તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે. પ્રોપર્ટીને લગતાં કાર્યોમાં મુશ્કેલી આવી શકે, જેના કારણે ચિંતા રહેશે. આ સમયે ધૈર્ય જાળવી રાખવું યોગ્ય છે.

સિંહ : ગણેશજી કહે છે, આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઈ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

કન્યા : કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

તુલા : છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. રાજનૈતિક તથા સામાજિક સીમા વધશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિક : વૃશ્ચિક રાશિના જાતકોનો આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે. તમારા ઉદેશ્યોને પૂર્ણ કરવામાં ધ્યાન આપો. તમને ધારી સફળતા મળશે.

ધન : નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઈ મહત્ત્વપૂર્ણ સ્રોત બનશે.

મકર : ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે. આજે તમારો આ ગુણ તમારી ઉન્નતિમાં મદદગાર રહેશે.

કુંભ : આજે તમે તમારી ચતુરાઈથી કોઈ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે. આ સમયે ખોટા ખર્ચમાં કાપ મુકો.

મીન : આ રાશિના જાતકો પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઈ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે ગ્રહની સ્થિતિઓ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે. અનુભવી લોકોના સંપર્કમાં થોડો સમય પસાર કરો અથવા એકાંતમાં બેસીને આત્મ ચિંતન કરો.

# દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ૨૫૦ વોર્ડ માટે મતદાન યોજાયું : સરેરાશ ૫૭ ટકા મતદાન



નવીદિલ્હી, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ૨૫૦ વોર્ડ માટે આજે કડક સુરક્ષા બંદોદસ્ત વચ્ચે મતદાન યોજાયું હતું. ૨૫૦ વોર્ડમાં સરેરાશ ૫૭ ટકા જેટલું મતદાન થયું હતું કેટલાક સ્થળોએ ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના બનાવો બન્યા હતાં તો કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. આજે સવારે ઠંડી હોવા છતાં મતદારો મોટી સંખ્યામાં મતદાન કરવા પહોંચી ગયા હતાં મતદાન દરમિયાન વૃદ્ધ મતદારોમાં વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.મહિલાઓ અને પ્રથમવાર મતદાન કરી રહેલ યુવાનોએ પણ મોટી સંખ્યામાં મતદાન કર્યુ હતું. ભાજપ અને આપ વચ્ચે જોરદાર ટક્કર છે. એક તરફ ભાજપ દારૂ અને ભ્રષ્ટાચારના મુદ્દે આમ આદમી પાર્ટી પર પ્રહારો કરી રહ્યું છે તો બીજી તરફ આપનું કહેવું છે કે દિલ્હીની ગંદકી માટે ભાજપ જવાબદાર છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પરિવાર સાથે સિવિલ લાઈન્સના અંદર હિલ રોડ પોલિંગ બૂથ પર સવારે ૧૦:૩૦ કલાકે મતદાન કર્યુ. વોટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, આપણે દિલ્હીને ખૂબ પ્રેમ કરીએ છીએ, દિલ્હીના લોકોને વોટ કરવાની અપીલ છે. તમે કામ કરતી પાર્ટીને મત આપો, કટ્ટર ઈમાનદાર પાર્ટીને મત આપો, શરીફને મત આપો, ભ્રષ્ટાચારીઓને નહીં. આગામી પાંચ વર્ષ કામ કરીને દિલ્હીને ચમકાવવાનું છે.

ભાજપ સાંસદ પ્રવેશ વર્મા અને તેમની પત્નીએ મટિયાલા ગામમાં એક મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો હતો. વોટ આપ્યા બાદ બીજેપી સાંસદે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી ગોવા, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં સરકાર બનાવવાનો દાવો કરી રહી હતી, પરંતુ લોકો જાણે છે કે, તેમને જૂઠું બોલવાની આદત છે. કોવિડ દરમિયાન, આપમાંથી કોઈ પણ લોકો માટે કામ કરતું જોવા મળ્યું ન હતું. માત્ર એમસીડીના કાર્યકરો જ લોકોની સાથે ઉભા હતા.ભાજપ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધન કૃષ્ણા નગરના મતદાન કેન્દ્ર પર પહોંચ્યા અને પોતાનો મત આપ્યો હતો. તેમણે કહ્યું કે, મને ખાતરી છે કે, મોટી સંખ્યામાં લોકો દિલ્હીથી મતદાન કરશે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભાજપે દેશને નવી ઉંચાઈઓ પર પહોંચાડ્યો છે, મને આશા છે કે, લોકો તે મુજબ મતદાન કરશે. દિલ્હીએ છેલ્લા ૧૫ વર્ષમાં ભાજપનું કામ જોયું છે.

કોંગ્રેસ નેતા અલકા લાંબાએ રઘુબીર નગરના મતદાન મથક પર પોતાનો મત આપ્યો હતો. જે બાદ તેમણે કહ્યું કે, હું લોકોને અપીલ કરું છું કે, તેઓ ઘરની બહાર આવીને મતદાન કરે. લોકોએ પરિવર્તન માટે મત આપવો જોઈએ. કોંગ્રેસ નેતા અજય માકેન એમસીડી ચૂંટણી માટે મતદાન કરવા માટે રાજૌરી ગાર્ડનમાં એક મતદાન મથક પર પહોંચ્યા હતા. એમસીડી ચૂંટણીમાં પોતાનો મત આપ્યા બાદ કોંગ્રેસના નેતા અજય માકને જણાવ્યું હતું કે, આ ચૂંટણી ગલી, કચરો, ગટર અને સ્વચ્છતાની ચૂંટણી છે, મને લાગે છે કે, કોંગ્રેસ પાર્ટીનો ઉમેદવાર શ્રેષ્ઠ છે. ગત વખતે અમને ૨૪ ટકા મત મળ્યા હતા અને ૩૧ બેઠકો જીતી હતી. ૨૦૧૯માં પણ અમને ૨૨-૨૩ ટકા વોટ મળ્યા હતા.દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અનિલ ચૌધરીનું કહેવું છે કે તેમનું નામ મતદાર યાદીમાં નથી. તેઓ પોતાનો મત આપ્યા વિના પરત ફર્યા હતા.

ચૂંટણીને ધ્યાનમાં રાખીને દિલ્હીના લાજપત નગર, ગાંધીનગર, કૃષ્ણાનગર, કમલા નગર, કરોલ બાગ સહિત તમામ જથ્થાબંધ અને છૂટક બજારો બંધ રહ્યાં હતાં. જયારે સવારે ૪ વાગ્યાથી જ મેટ્રો સેવા શરૂ કરવામાં આવી હતી. મેટ્રો દરેક લાઈન પર દર અડધા કલાકે સવારે ૪ થી સવારે ૬ વાગ્યા સુધી ઉપલબ્ધ રહી હતી અને સાંજે ૬ વાગ્યા પછી સામાન્ય રીતે ચાલુ થઈ હતી દિવ્યાંગ મતદારે સૌપ્રથમ પોતાનો મત રાઉઝ એવન્યુ વિસ્તારના મતદાન મથક પર આપ્યો હતો.કડકડતી ઠંડી વચ્ચે લોકો દિલ્હીના મટિયાલા ગામમાં મતદાન મથક પર મતદાન કરવા માટે કતારમાં ઉભા રહ્યાં હતાં દિલ્હીના વૃદ્ધ મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો સિવિલ લાઈન્સમાં મતદાન મથક પર વરિષ્ઠ નાગરિકોએ મત આપ્યો હતો દિલ્હીના મટિયાલા ગામમાં એક મતદાન મથક પર મોક પોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

એમસીડી ચૂંટણી માટે ૧૩૪૯ ઉમેદવારો મેદાનમાં હતાં જેમાં ૭૦૯ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. જેના ભાવી મતદારોએ સીલ કર્યા છે. તમામ ૨૫૦ બેઠકો પર ભાજપ અને આપે પોતપોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસના ૨૪૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેડીયુ ૨૩ સીટો પર ચૂંટણી લડી રહી છે જ્યારે એઆઈએમઆઈએમએ ૧૫ ઉમેદવારો ઉભા રાખ્યા છે. ભાજપે ૨૦૦૭ની એમસીડી ચૂંટણી જીતી હતી, જ્યારે કોંગ્રેસની કેન્દ્ર અને દિલ્હી બંનેમાં સત્તામાં હતી. પરંતુ ભાજપ ૨૦૦૮માં દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતી શક્યું ન હતું. આ દરમિયાન શીલા દીક્ષિત રેકોર્ડ ત્રીજી વખત સત્તામાં આવ્યા હતા.

૨૦૧૨માં એમસીડી ચૂંટણીમાં બીજેપીએ ફરી જીત મેળવી હતી. જોકે, ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં તેનો પરાજય થયો હતો. આ વર્ષે અરવિંદ કેજરીવાલે સરકાર બનાવી હતી. જો કે તેમની સરકાર માત્ર ૪૯ દિવસ ચાલી. આ પછી દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું. ૨૦૧૭માં યોજાયેલી MCD ચૂંટણીમાં પણ ભાજપે જીત મેળવી હતી. આ દરમિયાન આપ બીજા ક્રમે રહી હતી. જો કે, AAPએ ૨૦૧૮માં દિલ્હી વિધાનસભા ચૂંટણી જીતી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકાના સુખસર બસસ્ટેશન વિસ્તારની

# બે કરિયાણાની દુકાનોમાં જાણભેદુ તસ્કરો સવા ત્રણ લાખ ઉપરાંતની માલમત્તાની તસ્કરી કરી ફરાર

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જતી હોવાનું જણાઈ રહ્યું છે. તેમાં મારામારી, હત્યા, અકસ્માત, દેશી– ઇંગ્લીશ દારૂની હેરાફેરી, ચોરી અને દાદાગીરી જેવા ગુન્હા આચરતા ગુનેગારો બેફામ અને નિર્ભય બની માથું ઊંચકી રહ્યા છે. ત્યારે પ્રજામાં ભયનો માહોલ પણ વધતો જાય છે. ત્યારે અસામાજિક પ્રવૃત્તિ માં સંડોવાયેલા ઈસમોની સામે નિષ્પક્ષ પણે કાયદાકીય રીતે કડકમાં કડક કાર્યવાહી કરવાની ખૂબ જ આવશ્યકતા હોવાનું જણાઈ રહ્યુ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર બસ સ્ટેશન વિસ્તાર હાઈવે માર્ગ ઉપર ચોવીસ કલાક અવરજવર કરતાં વાહનોથી ધમધમતા રહેતા વિસ્તારમાં શનિવાર રાત્રીના બે કરીયાણાની દુકાનોમાં ત્રણ જેટલા જાણભેદુ તસ્કરો દ્વારા સવા ત્રણ લાખ રૂપિયાની માલમત્તાની ચોરી કરી પલાયન થઈ જવા પામેલ હોવાનું જાણવા મળે છે. તેમાં બસ સ્ટેશન ચોકડી પાસે કરિયાણાની દુકાન ધરાવતા હીરાલાલ મોતીલાલ કલાલ શનિવાર સાંજના સાતેક


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

વાગ્યાના અરસામાં પોતાની દુકાનને તાળા મારી રહેણાંક મકાન ઉપર ગયા હતા. ત્યારબાદ રાત્રીના સમયે કોઈ જાણ ભેદુ તસ્કરોએ દુકાનના ધાબા ઉપર આવેલ લોખંડના દરવાજાને નીચેથી વાળી દઈ તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાન માંથી રૂપિયા ૩૬૦૦/– નું પરચુરણ તથા રૂપિયા ૩૨૦૦/– ની ચલણી નોટો સહિત સાબુ, બદામ, કાજુ, બીડી, બિસ્ટોલ, બેટરી, દોરડું વગેરે રૂપિયા ૨૦,૫૦૦ની ચોરી કરી ૨૦,૦૦૦/– હજાર રૂપિયાના સી.સી.ટી.વી કેમેરાની તોડફોડ કરી કુલ રૂા.૪૦,૫૦૦/નું નુકશાન પહોંચાડી ગયેલ હોવાનું જાણવા મળે છે.

જોકે, ગત જુલાઈ–૨૦૨૨માં નગીનભાઈ કલાલ તથા આસપાસમાં આવેલ અન્ય બે દુકાનોમાં તસ્કરો લાખો રૂપિયાની માલમતા ચોરી કરી ગયેલા હતા. તે સમયે પણ એક તસ્કર સી.સી.ટી.વી કેમેરામાં કેદ જણાતો હતો પરંતુ તેની આદિન સુધી કોઈ તપાસ થઈ નથી કે તસ્કર સુધી પોલીસ પહોંચી શકી નથી. ત્યારે આ જ દુકાનોમાં પાંચ મહિનામાં બીજી વાર ચોરી થઈ છે અને ચોરી કરનાર તસ્કરો સીસીટીવી કેમેરામાં આસાનીથી ઓળખી શકાય તેમ જણાઈ રહ્યા છે ત્યારે સુખસર પોલીસ તસ્કરો સુધી પહોંચી શકશે કે કેમ?તે એક સવાલ છે.

જ્યારે બાજુમાં રહેતા નગીનભાઈ દીપચંદભાઈ કલાલ નાઓ પણ કરિયાણાની દુકાન ધરાવે છે. જેઓ એ પણ ગતરોજ રાત્રીના સાતેક વાગ્યાના અરસામાં પોતાની દુકાનને તાળા મારી પોતાના રેણાક મકાન ઉપર ગયા હતા. ત્યારબાદ રાત્રિના કોઈપણ સમયે જાણભેદુ તસ્કરોએ દુકાનના મકાનના ધાબા ઉપર ઉજાસ માટે રાખેલ લોખંડની જાળી તોડી તસ્કર લોકો દુકાનમાં પ્રવેશ્યા હતા અને વિમલ, સિલ્વર,પાનપડીકી, બીડી, તમાકુ, કોલગેટ, સાબુ, તેલ જેવી કરિયાણાની ચીજ વસ્તુઓ સહિત પરચુરણ રૂપિયા ૧૦૦૦/– મળી કુલ રૂા.૨,૫૬,૨૦૦/– ના સામાનની ચોર લોકો ચોરી કરી રૂા. ૨૮,૦૦૦/– ના સી.સી.ટી.વી કેમેરાની તોડફોડ કરી કુલ રૂા.૨,૮૪,૨૦૦/–નું નુકશાન પહોંચાડી જાણભેદુ તસ્કરો પાછળની બાજુએથી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળે છે.

અત્રે ખાસ નોંધનીય બાબત છે કે, જો આ ચોરીમાં સુખસર પોલીસ રસ દાખવી તપાસ હાથ ધરે તો ગત રોજ રાત્રિના આ બે દુકાનોમાં ચોરી કરી જનાર તસ્કરો સી.સી.ટી.વી કેમેરામાં ચોખ્ખી રીતે કેદ થયેલા જણાઈ રહ્યા છે અને આસાનીથી તેમનું પગેરૂં મેળવી ઝડપી શકાય તેમ હોવાનું પણ જણાઈ રહ્યું છે.

# દાહોદ જીલ્લા વહીવટી તંત્રએ મતદાન દિવસની તૈયારીને આખરી ઓપ આપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવતીકાલે એટલે કે, તારીખ ૦૫મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાનના દિવસની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. ઈવીએમ અને વીવીપેટ લઈને કર્મચારીઓ બુથો પર રવાના થયાં છે.

બીજા તબક્કાની ચુંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આવતીકાલે એટલે કે, તારીખ ૦૫મી ડિસેમ્બરના રોજ બીજા તબક્કાનું મતદાન યોજાવાનું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૦૬ વિધાનસભા બેઠકો પર પણ મતદાન યોજાવાનું છે. જેમાં આજરોજ દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. ઈવીએમ મશીન તેમજ વીવીપેટ સાથે કર્મચારીઓ બુથ મથકે રવાના થતાં જોવા મળ્યાં હતાં. વહીવટી તંત્ર દ્વારા મતદાનની કામગીરીને આખરી ઓપ આપી દીધો છે. આવતીકાલે સવારથી મતદાન મથકોએ મતદારોની લાંબી કતારો જોવા મળશે. તમામ ઉમેદવારોન ભાવિ શીલ મશીનોમાં થઈ જશે. જિલ્લાના બુથ મથકો પર કોઈ અનીચ્છીયન બનાવ ન બને તે માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા સઘન કામગીરી કરવામાં આવનાર છે. દાહોદ જિલ્લામાં એએસપી, ડીવાયએસપી, પીએસઆઈ, પોલી, હોમગાર્ડ, જીઆરડી જવાન, સીએપીએફ સહિત કુલ ૪૭૩૩ પોલીસ જવાનો જિલ્લામાં તૈનાર કરી દેવામાં આવનાર છે. જિલ્લામાં મતદાન ટાણે કોઈ અનીચ્છીયન બનાવ ન બને તે માટે પોલીસ કર્મચારીઓ તેમજ સીએપીએફની ટીમ ખડેપગે પોતાની ફરજ બજાવનાર છે. દાહોદ જિલ્લામાં આવેલ સંવેદનશીલ બુથ મથકો પર પોલીસ દ્વારા ખાસ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દાહોદ જિલ્લામાં પોલીસ બંદોબસ્તમાં ૦૭ એએસપી, ડીવાએસપી, ૧૨ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૨૩૪૮ પોલીસ આ ઉપરાત એક કંપની અને એક પ્લાટુન એસઆરપી તેમજ ૫૭ સીએપીએફની કંપની તૈનાત કરી દેવામાં આવનાર છે.

## ગરબાડા ૧૩૩ વિધાનસભા મત વિસ્તારમાં ૭ સખી બુથ અને ૧ દિવ્યાંગ અને એક ઈકો ફ્રેન્ડલી બુથ બનાવવામાં આવ્યા

ગરબાડા,

૧૩૩ ગરબાડા વિધાનસભાનુ મતદાન થવા જઈ રહ્યું છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. ગરબાડા વિધાનસભાના ૨૯૬ બુથો પર ૨૩૨૮ પોલીગ સ્ટાફ અને ૪૬૮ બી.એસ.એફ, પોલીસ, હોમ ગાર્ડ ના જવાનો મતદાન મથકો પર સુરક્ષા માટે ગોઠવણી કરી દેવામાં આવી છે. મહીલા મતદારોને આકર્ષવા માટે ૭ જેટલા સખી બુથ બનાવાયા છે. જે તમામ બહેનોને પિંક કલરનો ડ્રેસ કોડ રાખવામાં આવ્યો છે. જેમને વહીવટી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

તંત્ર દ્વારા વાજતે ગાજતે રવાના કરવામાં આવ્યા હતા. જ્યારે સાહડા ગામે ૧ દિવ્યાંગ બુથની રચના કરવામાં આવી છે. તેમજ લીલી આંબામાં એક બુથ ઈકો ફ્રેન્ડલી પણ બનાવવામાં આવ્યું છે.

## દે.બારીઆ બેઠકના ભાજપના ઉમેદવારે બસમાં સવારી કરતા મુસાફરોની ટીકીટના નાણાં ચુકવી મત આપવાની માંગણી કરતાં વિડીયો વાયરલ

દાહોદ,

દાહોદ જિલ્લાની દેવગઢ બારીઆ વિધાનસભાની બેઠકના ભાજપના ઉમેદવાર બચુભાઈ ખાબડ દ્વારા બસમાં સવારી કરતાં મુસાફરોની ટીકીટના નાણાં ચુંકવી મતદાનના દિવસે પોતાને મત આપવાની માંગણી કરતાં આ સમગ્ર મામલાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં વેંત દાહોદ જિલ્લાના રાજકારણમાં અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

દેવગઢ બારીઆ વિધાનસભા બેઠકના ઉમેદવાર બચુભાઈ ખાબડ દ્વારા બે દિવસ પહેલાં દેવગઢ બારીઆ તાલુકા વિસ્તારમાં પ્રચાર પ્રસાર દરમ્યાન એક બસમાં ચઢ્યાં હતાં અને બસમાં સવાર મુસાફરોની



ટીકીટના નાણાં પોતે ચુકવી બસમાં સવાર મતદારોને પોતેને મત આપવાની રજુઆત કરી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો બસમાં સવાર એક મુસાફરે પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લઈ સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં દાહોદ જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. અહીં વાઈરલ થયેલ વિડીયોમાં બચુભાઈ ખાબડ બસમાં સવાર મુસાફરોને કહેતા નજરે પડ્યાં હતાં કે, ભાડુ તમારે કોઈને આપવાનું નથી, તમારા બધાનું ભાડુ હું આપી દઉં છું, પરમ દિવસે દિવસે વોટ નાંખી આપજો, આ ઉચ્ચારણો સાંભળાતાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં ભાજપા દ્વારા ૬ એ ૬ બેઠકો કબજે કરવા એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. મતદારોને રીઝવવાના પ્રયાસો પણ આચાર સંહિતા લાગી ગયાં બાદ પણ અંદર ખાને ચાલી રહ્યાં છે. ત્યારે આવતીકાલે એટલે કે તારીખ ૫મી ડિસેમ્બરના રોજ મતદારોનો કેવા પ્રકારનો મીજાજ જોવા મળશે તે તો આવનાર તારીખ ૮મી ડિસેમ્બરના રોજ પરિણામના દિવસેજ ખબર પડશે, પરંતુ દેવગઢ બારીઆ વિધાનસભા બેઠકના ઉમેદવાર બચુભાઈ ખાબડનો સોશિયલ મીડીયામાં વાઈરલ થયેલ આ વિડીયોને પગલે લોકોના મનમાં અનેક સવાલો પણ ઉઠવા પામ્યાં છે.

## દાહોદ ઝાયડસ હોસ્પિટલ દ્વારા મહિલા દર્દીના પેટ માંથી ૩ કિલો વજન ગાંઠનું સફળ ઓપરેશન કરાયું

દાહોદ,

દાહોદની ઝાયડસ હોસ્પિટલ દ્વારા એક મહિલા દર્દીના પેટ માંથી ૩ કિલો ગ્રામ વજનની ગાઠ ઓપરેશન કરી કાઢવામાં આવી હતી. આ ઓપરેશન ખુબજ જોખમી હોવાનું તબીબો દ્વારા કહેવામાં આવ્યું છે અને સફળતા પૂર્વક આ ઓપરેશનને પાર પાડી મહિલાને નવું જીવનદાન આપવામાં આવ્યું હતું.

આજરોજ ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડહોસ્પિટલ,દાહોદ ખાતે ૨૫ વર્ષીય મહિલાને રહેવાસી મધ્યપ્રદેશના દર્દી જેઓને લાંબા સમયથી પેટની મોટી ગાઠ હતી. જેના માટે તેમણે વિવિધ હોસ્પીટલમાં બતાવ્યું હતું પછી ઝાયડસહોસ્પિટલ, દાહોદ ખાતે બતાવતા તેમને દાખલ કરીને બધી તપાસ કરાવ્યા પછી તેમને પેટમાં મોટી ગાઠ હોવાનું માલુમ પડ્યું. આ ગાઠ શરીરની મુખ્ય નસોની ઉપર હોઈ છે. ઓપરેશન દરમિયાન ખુબજ જોખમ હોય છે, પરંતુ ઝાયડસહોસ્પિટલમાં આ જોખમ લઈને સફળતાપૂર્વક ગાઠ કાઢવામાં આવી છે. જેનું વજન ૩ કિલોગ્રામ વજન છે અને ૨૫ x ૧૦x ૫ ની ચાર ગાંઠ કાઢવામાં આવી. હાલમાં દર્દીની સ્તીથી સારી છે. આ ઓપરેશન ઝાયડસહોસ્પિટલના સર્જન નિષ્ણાતો ડો. મધુકર વાઘ, ડો.કમલેશ ગોહિલ, ડો.રાહુલ પરમાર, ડો.સારવ તેમજ એનેસ્થેસિયામાં ડો.શિવાની પટેલ તથા તેમની ટીમ વડે આ સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા દિવ્યાંગ જનોનું સન્માન કરી આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના છાપરી ગામ ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસે દિવ્યાંગ જનો પ્રશાંત વાસ્તવ અને સલમાન જાડાનું તેઓના કાર્યને ધ્યાને લઈ શાલ અને પુષ્પમાળાઓ દ્વારા સન્માન કરાઇ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નાં કાર્યો ની જાણકારી અપાઈ હતી. કાર્યક્રમમાં સામાજિક કાર્યો સાથે સંકળાયેલા જીતેન્દ્ર ઠાકુર, જયદીપ ગેલોટ, દીશાંગ માળી ઉપસ્થિત રહી કાર્યક્રમ ની શોભા વધારી હતી.

સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનો અને યુવતીઓને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી એ દિવ્યાંગજનો પ્રત્યે કરૂણા, આત્મસન્માન અને જીવનને બેહતર બનાવવા સમર્થન અને સહયોગ બંને મળે તેવા શુભ આશયથી સંકલ્પ પણ લેવડાવ્યો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકીએ દિવ્યાંગજનો પ્રત્યે વ્યવહારમાં જાગરૂકતા લાવવા આવા કાર્યક્રમ કરાય છે, તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમની વ્યવસ્થા જેન્તી નિનામા, પ્રદીપ રાઠોડ અને સ્નેહલ નાગોરીએ કરી હતી. કાર્યક્રમમાં ૧૦૦ વધુ યુવક, યુવતીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયા વાળા વિસ્તારમાં ચૂંટણીનો પ્રચાર કરી શકાશે નહીં, પક્ષ-ઉમેદવારના ચૂંટણીના ચિન્હો દર્શાવી શકાશે નહી

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે અને જિલ્લામાં તા. ૫ ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. ત્યારે જિલ્લામાં આચાર સંહિતાનું ચુસ્ત પાલન થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે એ માટે જરૂરી આદેશો કરાયા છે.

દાહોદ જિલ્લામાં તા. ૫ ડિસેમ્બર એટલે કે મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયા વાળા વિસ્તારમાં ચૂંટણીનો પ્રચાર કરવો નહી કે પક્ષ/ઉમેદવારના ચૂંટણીના ચિન્હો દર્શાવી શકાશે નહી. નિર્ધારિત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારની અંદર, ચૂંટણી પંચની સુચના અનુસાર છપાયેલ હોય તે સિવાયની કોઇ પણ ચૂંટણી ઉમેદવાર કે કોઇ પણ પક્ષની વિગતો દર્શાવતી બિનઅધિકૃત કાપલીઓનું મતદારોને વિતરણ કરવું નહીં.

હરીફ ઉમેદવાર, તેમના એજન્ટ અને કાર્યકરના ઉપયોગ સારૂં, મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારથી દુર એક ટેબલ અને બે ખુરશીઓથી વધારે ફર્નિચર ગોઠવવું નહી. મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાયના અનઅધિકૃત વ્યકિતઓ તેમજ વાહનોએ અવર જવર કરવી નહી.

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ છ વિધાનસભા મતવિભાગમાં મતદાન પુરૂ થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૩–૧૨–૨૦૨૨ સાંજના ૫ વાગ્યાથી જાહેર સભાઓ તેમજ ચૂંટણી પ્રચાર ઉપર પ્રતિબંધ પણ મૂકયો છે.

દાહોદ જિલ્લામાં બહારથી ચૂંટણી પ્રચાર/સભા/સરઘસ વગેરે માટે આવેલા વ્યકિતઓ કે જે આ વિસ્તારનાં મતદાર ન હોય તેઓએ દાહોદ જિલ્લો છોડી દેવાનો રહેશે. આ માટે પોલીસકર્મીઓ દ્વારા ઠેર ઠેર સઘન ચકાસણી કરાશે.

ચૂંટણી સબંધમાં કોઇ જાહેરસભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢસે નહી કે લાઉડ સ્પીકર વગાડી શકશે નહી. સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલઇડી અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહીં કે પ્રચાર પ્રસાર કરી શકાશે નહી.

મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઇ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઇ મનોરંજન કાર્યક્રમ યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરિણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઇ પ્રવૃતિ કરશે નહીં. તેમજ પાંચથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહીં. આ જાહેરનામું તા. ૩ થી તા. ૫ ડિસેમ્બરના રોજ મતદાન ન પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

## સંજેલીના ચમારિયા ડુંગર નજીક શાહુડીનો શિકાર કરી મિજબાની કરતા બે ઈસમોને RFOની ટીમે ઝડપ્યા

સંજેલી,

સંજેલી તાલુકાના ચમારિયા ડુંગર નજીક આવેલા ખેતરમાંથી ગામના જ બે વ્યકિતઓ જંગલમાં રહેતી શાહુડીનો શિકાર કર્યો હતો. શાહુડીની મિજબાની કરતા સંજેલી આર.એફ.ઓ.ની ટીમે રંગે હાથે ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી હતી. સંજેલી તાલુકો જંગલ અને ડુંગર વિસ્તાર ધરાવતો તાલુકો છે. સંજેલી તાલુકાનુ પ્રખ્યાત એવા ચમારિયા ખાતે આવેલા સાસુ–વહુના ડુંગર નજીક આવેલા એક મકાઈના ખેતરમાં ચમારિયા ગામના બારીયા ફળિયામાં રહેતા ચંદ્રસિંહભાઈ બારીયા તેમજ પ્રતાપભાઈ બારીયાએ એકબીજાની મદદગરી કરી અને જંગલ નજીક મકાનની પાછળ આવેલા મકાઈના ખેતરમાંથી રાત્રિના સમયે શાહુડીનો શિકાર કર્યો હતો. શાહુડીનુ મટન બનાવીએ તેનો મિજબાની માણી રહ્યા હોવાની બાતમી સંજેલી વન વિભાગના આર.એફ.ઓ.એસ.એસ.માલીવાડને મળી હતી. જેથી તેઓ સ્ટાફ સાથે ચમારિયા ખાતે દોડી ગયા હતા. અને ચંદ્રસિંહ અને પ્રતાપને મિજબાની કરતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. બંનેને સંજેલી વનવિભાગ ખાતે લાવી વનવિભાગના ધારા હેઠળ દંડ વસુલ કરી ગુનો નોંધી આગળ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.88

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભાની બેઠકોની ચૂંટણીના મતદાન માટે તંત્ર સજ્જ





## આજે પંચમહાલ જીલ્લાની ૫ વિધાનસભા બેઠકોના ૩૪ ઉમેદવારો માટે મતદાન યોજાશે

ગોધરા, ગુજરાત રાજ્યની ૯૩ બેઠકો ઉપર બીજા તબક્કાનું મતદાન આજે યોજાનાર હોય તેમાં પંચમહાલ જીલ્લાના ૫ વિધાનસભા બેઠકોના ઉપર થી ૩૪ ઉમેદવારો માટે મતદાન યોજાશે. જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા મતદાન મથકો સુધી EVM અને VVPAT મશીન સાથે કર્મીઓ મતદાન સ્થળોએ રવાના થયા.

૫ ડિસેમ્બરના રોજ રાજ્યની ૯૩ બેઠકો માટે બીજા તબક્કા માટે મતદાન યોજાનાર છે. પંચમહાલ જીલ્લા પાંચ બેઠકો ગોધરા, હાલોલ, કાલોલ, શહેરા, મોરવા(હ)ના ૩૪ ઉમેદવારો માટે મતદારો પોતાના અધિકારનો પ્રયોગ કરશે. જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા તમામ વિધાનસભા મથકો ખાતેથી EVM અને VVPAT મશીનો સાથે ચુંટણી કર્મીઓને ફાળવણી કરીને વાહનો મારફતે મતદાન મથકો ખાતે રવાના કરવામાં આવ્યા. પંચમહાલ જીલ્લામાં પાંચ વિધાનસભા બેઠકો ઉપર શાંતિપૂર્ણ માહોલમાં લોકતંત્રનો પર્વએ મતદાન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જીલ્લાના સંવેદનશીલ મતદાન મથકો ઉપર ખાસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સવારે મતદાન શરૂ કરાશે. ત્યારે ઉમેદવારો અને તેમના ટેકેદારો દ્વારા મતદાન મોટા પ્રમાણમાં થાય તે માટે કામગીરી આરંભી છે.

ગોધરા, પંચમહાલ જિલ્લાની ૧૨૪–શહેરા,૧૨૫–મોરવા હડફ (અ.જા.જ), ૧૨૬–ગોધરા, ૧૨૭–કાલોલ અને ૧૨૮–હાલોલ વિધાનસભાની પાંચ બેઠકોની ચૂંટણીના મતદાન માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજજ થઇ ગયું છે. બીજા તબક્કામાં યોજાનારી પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકની ચૂંટણીના મતદાન માટે સવારે પોલિંગ સ્ટાફ મતદાન મથકોએ રવાના થઇ ગયો હતો જે સુરક્ષિત પોલિંગ સ્થળોએ પહોંચી ચૂક્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી–૨૦૨૨ની સામાન્ય ચૂંટણીના બીજા તબકકામાં ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટે મતદાન થવાનું છે. બીજા તબક્કાની ચૂંટણી દરમિયાન પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભાની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે પણ મતદાન થવાનું છે. જેને અનુલક્ષીને પાંચેય વિધાનસભાની ચૂંટણીના મતદાન માટે ડિસ્પેચિંગ સેન્ટર ખાતેથી ઈ.વી.એમ, વી.વી.પેટ સાથે જરૂરી સાધનસામગ્રી સાથે પોલિંગ સ્ટાફને મતદાન મથકોએ રવાના કરવામાં આવ્યા હતા. તેઓ પોતપોતાના સ્થળે સુરક્ષીત પહોંચી ગયા છે. આ માટે જિલ્લા ચૂંટણી તંત્રે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. મતદાન મથકોએ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી સુરક્ષા વ્યવસ્થા સહિત પોલીંગ સ્ટાફને જરૂરી તમામ સુવિધાઓ મળી રહે એ માટે પણ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવી છે. જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાન માટે રોકાયેલા સ્ટાફને મતદાન મથક ખાતે જરૂરી સી.યુ, બી.યુ તથા વીવીપેટની સાથે સાથે ફર્સ્ટ એઇડની કીટ તથા અન્ય ચૂંટણી સામગ્રી આપીને, રવાના કરવામાં આવ્યા હતા.

### કેટલા EVM

બીયું : ૧૯૪૩, સીયું : ૧૯૪૩, વિવિપેટ : ૨૧૨૫
કેટલા મતદાન મથક : ૧૫૧૦
શહેરી મતદાન મથક - ૧૮૧
ગ્રામ્ય મતદાન મથક - ૧૩૨૯

### પંચમહાલની પાંચ બેઠકો માટેની વિગત

કુલ મતદારો : ૧૩,૦૧,૦૪૩
પુરૂષ મતદારો : ૬,૬૫,૧૨૨
સ્ત્રી : ૬,૩૪,૯૦૦

### સુરક્ષામાં કેટલો બંદોબસ્ત

૧ એસ પી,
૫ ડી વાય એસ પી,
૧૮૮૦ પોલીસ
૧૬૬૦ હોમગાર્ડ, જી.આર.ડી.


### કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે

(પુરૂષ : ૩૪ મહિલા : ૪ )
કેટલા સંવેદનશીલ : ૬૨૦
અતિસંવેદનશીલ મથકો : નથી

### કેટલો પોલીંગ સ્ટાફ તૈનાત રહેશે

૧.પ્રિસાઈડિંગ ઓફિસર - ૧૬૫૩
૨.પોલિંગ સ્ટાફ - ૬૬૩૬

## પંચમહાલ જિલ્લાના ગોધરા અને કાલોલના કોંગ્રેસનાં ઉમેદવાર પોતાનો મત પોતાને નહિ આપી શકે





શહેરા, પંચમહાલની પાંચ વિધાનસભા બેઠકની ચુંટણી માટે રાજકીય પક્ષ તથા અપક્ષ મળી કુલ ૩૮ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી છે. ગોધરા બેઠક પર કોગ્રેસના મહિલા ઉમેદવાર રશ્મિતાબેન ચૌહાણે અને કાલોલ બેઠક પર કોગ્રેસના પ્રભાતસિંહ ચૌહાણે પોતાની ઉમેદવારી નોંધાવી છે અને ઉમેદવારો એડી ચોંટીનું જોર લગાવી પ્રચાર પ્રસારમાં કર્યો છે. અને મતદાનના અંતિમ દિવસોમાં ડોર ટુ ડોર પ્રચાર કરી ટુ મતદારો પાસે પોતાની જીત માટે મતની માંગણી કરશે.

જ્યારે મતદાનનો દિવસ આવશે ત્યારે ગોધરા અને કાલોલ બેઠકના કોગ્રેસના ઉમેદવારના નામ અને ચિન્હ ઈવીએમ મશીનમાં જોવા મળશે. પરંતુ બંન્ને ઉમેદવારો પોતાનો મત પોતાના માટે મત આપી શકશે નહી. કારણ કે, ગોધરા બેઠકના કોગ્રેસના ઉમેદવારનું નામ શહેરા વિધાનસભા ક્ષેત્રમાં તથા કાલોલ બેઠકના ઉમેદવારનું નામ ગોધરા વિધાનસભા ક્ષેત્રમાં નોંધાયેલ છે. તેથી તે તેમનો વોટ પોતાના માટે આપી શકશે નહી અને જયા મતદાન કરશે ત્યાંના ઈવીએમમાં તેમનું નામ નહીં હોય, તેથી બંન્ને ઉમેદવારોના અન્ય ઉમેદવાર માટે નિર્ણાયક બનશે.

## શહેરા વિધાનસભા ચુંટણી માટે તંત્ર સજ્જ : ૨૯૩ મતદાન મથકો ઉપર ચુંટણી કર્મચારીઓ રવાના થયા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા વિધાનસભા બેઠકની ચુંટણીને લઈને તંત્ર સજજ બનીને ચૂંટણી શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી હતી. આ યોજાનારી ચુટણીનો ૨૯૩ મતદાન મથકનો ૧૪૬૫ જેટલો સ્ટાફ ઇ.વી.એમ. મશીન અને ચૂંટણીલક્ષી જરૂરી સાધનસામગ્રી સાથે રવાના થયો હતો.

પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભાની બેઠકોને લઈને તંત્ર સજજ બન્યું હતું. શહેરા વિધાનસભા બેઠક પર આજે યોજાનાર ચૂંટણીમાં ૨૯૩ જેટલા મતદાન મથકો ફાળવવા સહિત ૧૫૬૦ જેટલો સ્ટાફ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલો છે. આ વિધાનસભાના મત વિસ્તારમાં આવેલ ૨૯૩ જેટલા મતદાન મથકનો ૧૪૬૫ જેટલો સ્ટાફને સરકારી વિનયન કોલેજ ખાતે ચૂંટણી અધિકારી એન.કે.પ્રજાપતિ અને મદદનીશ ચૂંટણી અધિકારી એન.બી.મોદી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામા આવ્યુ હતું. મતદાન મથક નો સ્ટાફ ચૂંટણીલક્ષી સાધન સામગ્રી સાથે ફાળવેલા મતદાન મથકો ઉપર જવા રવાના થયા હતા. ચુંટણી શાંતિ પુર્ણ રીતે યોજાય તે માટે પોલીસ સ્ટાફ તેનાત કરી દેવામા આવ્યો છે. ચૂંટણીના દિવસે મતદાન મથકના ફરજ પરના કર્મચારીઓ અને પોલીસ સહિતનો અંદાજીત ૩૦૦૦ હજાર કરતાં વધુ સ્ટાફ ચૂંટણીલક્ષી કામગીરીમાં જોડાયો હતો. સોમવારના રોજ ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે વહીવટી તંત્ર સજ્જ બનવા સાથે ચૂંટણી અધિકારી એન.કે.પ્રજાપતિએ આ વિધાનસભા મત વિસ્તારમાં આવતા તમામ મતદારોને મતદાન કરવા માટે અપીલ કરી હતી. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં વર્ષ ૨૦૧૭ ની યોજાયેલી ચૂંટણી કરતા વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## નર્મદા જીલ્લા આરોગ્ય વિભાગના તાળામાં આરોગ્ય કેન્દ્રોમાં વર્ષોથી ફરજ બજાવતા ૨૩ ડ્રાઈવરોને કાયમી કરવાના ઔદ્યોગિક જવાબ પંચનો આદેશ

ગોધરા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત નર્મદા ના તાબા હેઠળ ચાલતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ષોથી ફરજ બજાવતા ૨૩ જેટલા ડ્રાઈવરોને કાયમી કરવા નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાનો આદેશ થતાં કામદારોમાં આનંદની લાગણી.

ગાંધીનગર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત નર્મદાના તાબા હેઠળ ચાલતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ષોથી ખાતાકીય કામોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ૨૩ જેટલા કામદારોની લાંબા સમયની નોકરી હોવા છતાં સરકારના નિયત કરેલ કોઈ પણ પરિપત્રોના લાભો આપવામાં આવતા ન હતા અને તેમની પાસે માસના પૂરા દિવસોની કામગીરી લઈ લઘુતમ વેતનધારા કરતા પણ ખૂબ જ ઓછો પગાર ચૂકવવામાં આવતો જે બાબતે આ તમામ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈને મળી તેઓને થયેલ અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશને લાગતા વળગતા સરકારી અધિકારીઓને આ કામના ૨૩ ડ્રાઈવરને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર લાભો આપવા બાબતે નોટીસ પાઠવી દિન ૧૫ તેનું સીધો અમલ કરવા જાણકારી કરે પરંતુ તેઓના તરફથી એ નોટીસો કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં સરકાર તરફે નિષ્ફળ જતા આ વિવાદ ફેડરેશન દ્વારા નામદાર ઔદ્યોગિક પંચ વડોદરા સમક્ષ કેસ દાખલ કરે જેનો કેસ નંબર ડિમાન્ડ આઈ.ટી ૧૮૯/૧૯ પડેલા જે કેસની કાનૂની કાર્યવાહી હાથ ધરતા નામદાર ઔદ્યોગ ન્યાયપંચે બંને પક્ષકારોને સરખી તકો આપેલ આ કામે અરજદારો તરફે ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ હાજર રહી નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ અરજદારોનો કેસ પુરવાર કરવા માટે જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ આ બાબતની જાણ સરકારી અધિકારીઓને થતા તેઓએ આ ૨૩ જેટલા ડ્રાઈવર ભાઈઓને તેમની નોકરીની શરતોમાં ફેરફાર કરી ગેરકાયદેસર રીતે એજન્સીઓમાં ટ્રાન્સફર કરવાની કાર્યવાહી હાથ ધરતા ફેડરેશન દ્વારા આ કામદારોની નોકરી માંથી ગેરકાયદેસર રીતે સંસ્થા કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવી નહીં તે બાબતે મનાઈ અરજી દાખલ કરે તેમાં નામદાર અદાલતે ફેડરેશનને સાંભળી તાત્કાલિક અસરથી યથાવત પરિસ્થિતિ જાળવી રાખતો મનાઈ આપેલ ત્યારબાદ મૂળ ડિમાન્ડ કેસમાં પ્રમુખ એ.એસ.ભોઈ એ દલીલો કરતા ન્યાયપંચના ન્યાયાધીશ જે.એસ.પટેલે ફેડરેશનની દલીલો ગ્રાહ્ય રાખી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ૨૩જેટલા ડ્રાઈવર કામદાર ભાઈઓને તેમની નોકરીની દાખલ તારીખથી સમયગાળો સળંગ ગણી પાંચ વર્ષ પૂર્ણ થયી થી તેમને મળવા પાત્ર સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો આપવા માટે ચુકાદો આપતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કામદાર આલમમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

## વેજલપુરમાં ઓધવજી ફળિયામાં રહેતા ૭૭ વર્ષિય વૃદ્ધાની હત્યા થતાં ચકચાર : હત્યારાઓનું પગેરૂ મેળવવા પોલીસ કામે લાગી

ગોધરા, કાલોલના વેજલપુર ઓધવજી ફળિયામાં રહેતા વૃદ્ધાને કપડાથી બાંધી દઈ હત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી.ઘટનાને પગલે પોલીસ એકશનમાં આવી વેજલપુર પોલીસે અજાણ્યા હત્યારાઓ સામે ગુનો નોંધી એફ.એસ.એલ. તેમજ ડોગ સ્કવોર્ડની મદદ લઈ હત્યારાઓનુ પગેરૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

વેજલપુરના ઓધવજી ફળિયામાં રહેતા ૭૭ વર્ષિય મીનાક્ષીબેન કાંતિલાલ મોદી જેઓ પોતાના ઘરે એકલા જ રહેતા હતા. મીનાક્ષીબેન નિત્યક્રમ મુજબ સવારે મંદિરમાં સેવા માટે જતા હતા. પરંતુ શનિવારે તેઓ મંદિરમાં નહિ જતા તેઓના જયોતિબેને ટેલિફોનીક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સંપર્ક નહિ થઈ શકતા રાજેશભાઈને જાણ કરી હતી. દરમિયાન રાજેશભાઈએ મીનાક્ષીબેનના ઘરે જઈ તપાસ કરતા ઘરમાં આગળના ભાગે હિંચકા ઉપર મોબાઈલ અને પાકિટ પડેલા જોવા મળ્યા હતા જેથી તેઓના સ્વજનોને આ અંગે જાણ કરવામાં આવી હતી. જેથી ગોધરા ખાતે રહેતા મીનાક્ષીબેનના પુત્ર અનીલકુમાર મોદી વેજલપુર ખાતે દોડી ગયા હતા અને ઘરમાં જઈ જોતા મીનાક્ષેબેનના બંને હાથ કપડા વડે બાંધેલા અને ઉંધી હાલતમાં પડેલા જોવાચા હતા. જેઓને બોલાવવાનો પ્રયાસ કરતા તેઓનુ મોત નીપજયું હોવાનુ જણાઈ આવ્યુ હતુ. બીજી તરફ બનાવની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને મૃતકના પુત્રની ફરિયાદના આધારે વેજલપુર પોલીસે આગળ વધુ તપાસ હાથ ધરી હતી.

## કાલોલના કણેટિયા ગામે રોડ સાઈડે ખુલ્લી જગ્યામાં સુતેલ વ્યકિત પર ટ્રક ચઢાવી દેતા મોત

કાલોલ, કણેટીયા પાસે મુંબઈ–દિલ્હી કોરીડોરની બાજુમાં રહેતો કરણપાલ લોદી રાજપુત કામ પરથી ઉતરી જમી પરવારી રોડની સાઈડમાં માથા તથા પગે ઓઢી અંધારામાં ખુલ્લી જગ્યામાં સુતો હતો તે દરમિયાન અજાણ્યા ટ્રક ચાલકે પોતાના કબ્જાની રેતી ભરેલી ટ્રકને ગફલતભરી રીતે રિવર્સમાં લેતા રોડની બાજુમાં સુતા કરણપાલ ઉપર ટ્રકના તોતિંગ ટાયર છાતી તથા કમરના ભાગે અને બંને પગ ઉપર ફરી વળતા ગંભીર ઈજાઓ થવાને કારણે ઘટના સ્થળે મોત નીપજાવીને ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો.

## સંજેલીના યુવાનને ભુવાની વિધી કરવાના શંકાએ અપહરણ કરી ગોધરા ફાર્મ હાઉસ ઉપર પાંચ દિવસ ગોંધી માર મારતાં પાંચ વ્યક્તિ વિરૂધ્ધ ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના સંજેલીના યુવાનને ભડવા ભુવાની વિધિ કરાવી હોવાની શંકાએ સસરા સહિત ના વ્યક્તિઓએ જમાઈ ને ઘરેથી મારૂતિ કારમાં અપહરણ કરી ગોધરા ફાર્મ હાઉસ પર પાચ દિવસ ગોંધી રાખી અને ઉંદો લટકાવી માર મારી હાથ પગ તેમજ ઢીંચણના ભાગે ફેક્ચર કરી બસમાં સંજેલી ખાતે ધકેલી મુકતા ગોધરા અઈંખઈંખ ના કાઉન્સિલર અને વિધાનસભાના અપક્ષ ના ઉમેદવાર તેમજ સસરા સહિત ૫ સામે ગુનો નોંધાતા ચકચાર મચી જવા પામી.

પ્રાપ્ત વિગત અનુસાર સંજેલી ખાતે કુંભાર ફળિયામાં રહેતા મુનાફ ઉર્ફે નદી ગનીભાઈ મોરાવાલા તારીખ ૭ મીના રોજ ગોધરા ખાતે રહેતા તેના સસરા સહિત ચાર જણા એકબીજાની મેળાપીપળા કરી સંજેલી આવી અને કહેવા લાગેલ કે સંજેલી થી બડવા ભોપાને લઈ અને તું ગોધરા આવેલો છે તેને લઈને ગોધરા ચાલ તેવું કહેતા મુનાફે કહેલ કે મારો સાળો અનીફ ફારૂક અસલો વિધિ માટે મને બડવા ને મળવાનું પૂછ્યું હતું જેથી મેં કોન્ટેક્ટ કરાવી આપ્યો હતો અને તેને શું વિધિ કરાવી તે બાબતે મને ખબર નથી કેમ કેવા છતાં પણ સસરા સહિતના આવેલા ચારે જણાએ કહેલ કે બડવાને ગોધરા લઈને ચાલ અને આ તમામને સાજા કરાવી આપ તેમ કહી બળજબરીપૂર્વક વાદળી કલરની કારમાં મુનાફ ને બેસાડી અને કારમાજ ગઢ્ડા પાડુનો માર મારી ગોધરા ખાતે ફાર્મ હાઉસ પર લઈ ગયા હતા. જ્યા AIMIMના કાઉન્સિલર અને હાલ અપક્ષ વિધાનસભાના ઉમેદવાર હનીફહાજી શહીદ કલંદરના ફાર્મ હાઉસ પર મૂકી અને સસરા સહિતના માણસો ત્યાંથી પાલન થઈ ગયા હતા. જે બાદ AIMIM કાઉન્સિલર અને અપક્ષ વિધાનસભાના ઉમેદવાર હનીફ શહીદ કલંદર અને તેના ભાઈ અબ્દુલ રજાક શહીદ કલંદર બંને ભાઈઓ ફાર્મ હાઉસ પર આવી પહોંચ્યા હતા અને કહેવા લાગેલ કે તે હમારી બહેન જમીલા ઉપર વિધિ કરાવેલ છે. જેથી આ બધા ઘરના માણસો બીમાર પડે છે. તેમ કહી બંને ભાઈઓએ માં બેન સમાણી ગાળો બોલી અને હાથમાં લાકડીઓ લઈ તેમજ છૂટા હાથી અને પથ્થરો વડે માલ મારી તને જીવતો છોડવાનો તેમ કહી ધાકધમકી સાથે તારીખ ૭/૧૧ થી તારીખ ૧૨/૧૧ સુધી ફાર્મ હાઉસમાં ગોંધી રાખી અને અવારનવાર ઊંધો લટકાવી ગંભીર માર મારેલ અને પાંચ દિવસ બાદ તારીખ ૧૨ મીના રોજ સંજેલી જતી એસટી બસમાં બેસાડી દીધા હતા. જમણા હાથે તેમ જ આંગળીના ભાગે ડાબા હાથે શરીરના ભાગે ગંભીર ઈજાઓ તેમજ ફેક્ચર થતા ઘરના માણસોને બનાવ સંદર્ભે જાણ કરી હતી. સંજેલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર લઈ અને દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે સમાજ રહે નિકાલ ન થતા મુનાફ મોરાવાલે સંજેલી પોલીસ મથકે ગોધરાના રહેવાસી સસરા ફારૂખ હમીદ અસલા સુલ્તીમ કરીમ બદામ ઈકબાલ અસલમ ચુચલા તેમજ ગોધરાના AIMIMના કાઉન્સિલર અને અપક્ષ ગોધરા વિધાનસભાના ઉમેદવાર હનીફ શહીદ કલંદર અને અબ્દુલ રજાક શહીદ કલંદર સહિત પાંચ લોકો સામે અપહરણ તેમજ ગોંધી રાખી માર મારવા સબંધે ફરિયાદ નોંધાવતા સંજેલી તાલુકા સહિત જિલ્લામાં ચારેકોર ચર્ચાનો વિષય બન્યો છે.

## દાહોદ જેકોટ ગામે હાઈવે રોડ ઉપર કન્ટેઈનર અને સળીયા ભરેલ ગાડી વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

દાહોદ, દાહોદ તાલુકાના જેકોટ ગામે આવેલ હાઈવે રોડ ઉપર એક કન્ટેઈનર ગાડી તથા સળિયા ભરેલ ગાડી વચ્ચે ગાડી વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા એકનું ઘટના સ્થળ પર મોત નીપજવા પામ્યું હતું. જયારે કન્ટેઈનર ગાડીનો ચાલક નાસી ગયો હતો. ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યા અનુસાર સળિયા ભરેલ ગાડીમાં સવાર એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ઘટનાને પગલે સ્થળ પર દોડી ગયેલ પોલીસ દ્વારા ઘટનાની ગંભીરતાને દયાનમાં રાખી બંને તરફનો હાઈવે બંધ કરી દેવાની ફરજ પડી હતી. કલાકો સુધી હાઈવે બંધ રહેતા હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાજી નો સામનો કરવો પડયો હતો. અકસ્માત કયા કારણોસર સર્જાયો તે હાલ સુધી જાણવા મળ્યું નથી પરંતુ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ તાલુકાના જેકોટ ગામેથી પસાર થતાં હાઈવે પર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવા પામ્યો હતો. એક કન્ટેઈનર અને એક સળીયા ભરે ગાડી વચ્ચે અકસ્માત સર્જાતાં સળીયા ભરેલ ગાડીના ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જયારે કન્ટેઈનર ગાડીનો ચાલક ઘટના સ્થળે પોતાના કબજાની ગાડી મુકી નાસી ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડચાં હતાં. ઘટનાને પગલે હાઈવે રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે હાઈવે તરફના બંન્ને રસ્તાઓને બંધ કરવાની ફરજ પડી હતી. જેને પગલે હાઈવે પર બંન્ને તરફ લાંબી કતારો વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતા. બીજી તરફ કન્ટેઈનર ગાડીમાં જોતજોતામાં આગ ફાટી નીકળતાં નજીકના ફાયર ફાઈટરના લાશ્કરોને જાણ કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે પહોંચી જઈ કન્ટેઈનરમાં લાગેલ આગને પાણીનો મારો ચલાવી બુઝાવી હતી. ઘટના સંદર્ભે હાલ કોઈ પોલીસ ફરિયાદ નોંધાંવવા પામી નથી, પરંતુ પોલીસ તપાસનો ધમધમાટ આરંભ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.